# ઇતિહાસ - આણંદ જિલ્લો

૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારત દેશમાંથી બ્રિટીશ શાસનનો અંત આવ્યો અને સ્વરાજય સ્થપાયું. નવી સરકારે દેશી રાજયોને એક કરીને નવા મુંબઇ રાજયમાં ભેળવી દીધા અને તા. ૧લી ઓગસ્ટ, ૧૯૪૯થી ખેડા જિલ્લો અસ્તિત્વમાં આવ્યો. ત્યાર પછીથી કેટલા કતાલુકાઓના ગામોમાં ફેરફાર થતાં તા. ૧૫મી ઓકટોબર, ૧૯૫૦થી જિલ્લાના તાલુકાઓનાં ગામો નિયત કરાયા. ખેડા જિલ્લામાં ખંભાત, પેટલાદ, આણંદ, નડીઆદ, માતર, મહેમદાવાદ, કપડવંજ, ઠાસરા અને બાલાસિનોર તાલુકાઓનો સમાવેશ થતો હતો.

રાજય સરકારે તા. ૧/૧૦/૧૯૯૭થી રાજયમાં છ નવા જિલ્લા બનાવતા ખેડા જિલ્લાના વિભાજનથી આણંદે એક અલગ જિલ્લા તરીકે સ્થાન મેળવ્યું. આમ આણંદ જિલ્લાની રચના થતા જિલ્લામાં આણંદ, ઉમરેઠ, પેટલાદ, સોજિત્રા, બોરસદ, આંકલાવ, ખંભાત અને તારાપુર મળી કુલ ૮ તાલુકાઓની રચના થવા પામી.

આણંદ જિલ્લાના વાસદથી શરૂ થતાં મહી કાંઠા અને મહેમદાવાદ નજીકના વાત્રક કાંઠાની વચ્ચેનો પ્રદેશ ચરોતર કહેવાય છેઆ પ્રદેશ ઘણો ફળદ્રુપ અને રળિયામણો હોવાથી તેને ચારૂતર કહ્યો છે. ખંભાત અને તારાપુર તાલુકાના કેટલાક ગામોનો ભાલ વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આણંદ જિલ્લાનું ક્ષેત્રફળ ૨૯૪૧ ચો.કિ.મીટર છે. જે ૨૨.૦૬ થી ૨૨.૪૩ ઉત્તર અક્ષાંશ અને ૭૨.૨૦ થી ૭૩.૧૨ પૂર્વ રેખાંશ છે. આણંદ જિલ્લામાં ૧૧ શહેરો અને ૩૬૫ ગામો છે. જેની વસતિની ગીચતા ૬૫૩ ચો.કિ.મી. છે. ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ જિલ્લાની કુલ વસતિ ૨૦,૯૨,૭૪૫ છે જે રાજયમાં ૧૪મા ક્રમે છે. જે પૈકી ૧૦,૮૭,૨૨૪ પુરૂષો અને ૧૦,૦૫,૫૨૧ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. વસતિની ગીચતાની દ્રષ્ટિએ જોઇએ તો આણંદ જિલ્લો રાજયમાં ત્રીજા ક્રમે જયારે સાક્ષરતાનો દર ૮૪.૩૭ ટકા સાથે રાજાયમાં ત્રીજું સ્થાન ધરાવે છે. જેમાં પુરૂષ સાક્ષરતાનો દર ૯૧.૮૨ ટકા અને સ્ત્રી સાક્ષરતાનો દર ૭૬.૩૬ ટકા હોઇ પુરૂષ સાક્ષરતા દરમાં રાજયમાં ત્રીજું અને સ્ત્રી સાક્ષરતાના દરમાં ચોથું સ્થાન ધરાવે છે. આણંદ જિલ્લામાં ૩0.0૩ ટકા શહેરી વસતિનું અને ૬૯.૭ ટકા ગ્રામ્ય વસતિનું પ્રમાણ છે.

આણંદ જિલ્લામાં વરસાદનું સરેરાશ પ્રમાણ ૧૧૦૦ મી.મી. છે. આણંદ જિલ્લામાં ખાસ કરીને બાજરી, તમાકુ, ઘઉં, ડાંગર અને મગફળી મુખ્ય ખેત પેદાશો છે જયારે બાગાયતી પાકોમાં શાકભાજી, બટાકા, રીંગણ, મરચા, તુવેર, મરી, ફળોમાં કેળાં, લીંબુ, જાંબુ, કેરી પપૈયા, મસાલામાં રાઇ, મેથી, તલ જયારે ફૂલોમાં ગુલાબ, લીલી અને હજારીગલનું વાવેતર કરવામાં આવે છે.

જિલ્લાનું હવામાન વિષમ પ્રકારનું છે. જિલ્લાની જમીન સામાન્ય રીતે ગોરાળું, કાળી અને ભાઠાની જમીન છે. કુલ જમીન ૨,૯૫,૬૯૦ હેકટર તે પૈકી વાવેતર કરેલ જમીન ૨,૧૧,૬૧૭ હેકટર છે અને ૧,૯૭,૬૦૦ હેકટર વિસ્તાર પિયત હેઠળ આવરી લેવામાં આવેલ છે.

આણંદ જિલ્લામાંથી મહી, સાબરમતી અને શેઢી નદી પસાર થાય છે. જિલ્લામાં પાકા રસ્તા ૨૯૧૧ કિ.મી.ના છે અને કાચા રસ્તા ૨૮૪ કિ.મી. છે.

**<u>યુનિવર્સિટી</u>**

(૧) સરદાર પટેલ, વિદ્યાનગર, આણંદ

(૨) ચારૂસેટ યુનિવર્સિટી, ચાંગા, તા.પેટલાદ, જિલ્લો- આણંદ

(૩) કૃષિ યુનિવર્સિટી, આણંદ

**<u>વિખ્યાત સંસ્થાઓ</u>**

(૧) આણંદમાં જગવિખ્યાત અમૂલ ડેરી,

(૨) એન.ડી.ડી.બી.,

(૩) ઇરમા

**<u>માદ્યમિક શાળાઓ</u>**

(૧) સરકારી માદ્યમિક શાળાઓ- ૧૪

(૨) માદ્યમિક શાળાઓ (ગ્રાન્ટેડ)- ૨૨૪

(૪)ખાનગી માદ્યમિક શાળાઓ - ૧૯૮

(૫) ઉચ્ચતર માદ્યમિક શાળાઓ- ૧૦૦

**<u>પ્રાથમિક શાળાઓ</u>**

જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તક પ્રાથમિક શાળાઓ - ૧૦૧૨

આણંદ નગરપાલિકા શિક્ષણ સમિતિ હસ્તક પ્રાથમિક શાળાઓ- ૧૪

ખાનગી પ્રાથમિક શાળાઓ -૧૬૮

**<u>ઔદ્યોગિક વસાહતો</u>**

ઔદ્યોગિક-૮

લઘુ ઉદ્યોગો-૩૭૭

મધ્યમ એકમો-૭૨

## અમૂલ ડેરી

આણંદ ખાતે સ્થપાયેલ અમૂલ ડેરી એ જિલ્લાનું ગૌરવ છે. દૂધના વ્યવસાયને વૈજ્ઞાનિક ધોરણે હાથ ધરીને આ ડેરીએ ગુજરાતમાં શ્વેત ક્રાંતિના પગરણ માંડયા છે. પશુપાલન દ્વારા ખેડૂતોને પૂરક આવક મેળવવાનું અમૂલ ડેરી એક મહત્વનું પરિબળ બની રહી છે. આજે તે અમૂલ બ્રાંડના નામથી જગવિખ્યાત બની ગઇ છે.

## ધાર્મિક અને જોવાલાયક સ્થળ

લાંભવેલ- હનુમાન મંદીર

બોચાસણ- સ્વામિનારાયણ મંદિર

કરમસદ- સરદાર પટેલ મેમોરિયલ, સરદાર પટેલ ગૃહ

અગાસ - શ્રીમદ રાજચંદ્રજીનો આશ્રમ

અડાસ- શહીદ સ્મારક

સારસા- શ્રી સતકૈવલ મંદિર

બોરસદ- સૂર્ય મંદિર

ધુવારણ- વિદ્યુત મથક

પીપળાવ -આશાપૂરી માતાનું મંદિર

ધર્મજ - જલારામ મંદિર

ખંભાત - જુમ્મા મસ્જિદ

## કરમસદ

આણંદ જિલ્લામાં આવેલ કરમસદ ગામનું નામ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયું છે. આ કર્મભૂમિના વીર પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામને દોર્યો અને સ્વાતંત્ર્યને સુરક્ષિત કર્યું. સરદાર સાહેબનો જન્મ ખેડા જિલ્લાના નડીઆદ ખાતે સને ૧૮૫૭ના ૩૧મી ઓકટોબરના રોજ થયો હતો. સરદાર સાહેબને શરૂઆતની કેળવણી વતન કરમસદમાંથી લીધી હતી. સરદારશ્રીનું બાળપણ કરમસદમાં વીત્યું હતું. કરમસદમાં સરદાર સાહેબનું ગૃહ આવેલું છે.

## વિદ્યાનગર

ચરોતરના આધુનિક રાજપુરૂષ, અખંડ ભારતના શિલ્પી અને લોહપુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલની યાદગીરી દેશની જનતાને સદા તરોતાજા રહે તે માટે શિક્ષણની નગરીને વલ્લભવિદ્યાનગર નામ આપવામાં આવ્યું છે.

વલ્લભવિદ્યાનગરની રચનાનો પ્રારંભ ઇ.સ. ૧૯૪૫ના જૂન માસમાં થયો હતો. રાજય સરકારે તા. ૧/૮/૧૯૫૨થી વલ્લભવિદ્યાનગરને સ્વતંત્ર ગામ તરીકે જાહેર કર્યું હતું. વલ્લભવિદ્યાનગર સ્થાપવા માટે ચારૂતર વિદ્યામંડળ અને ચરોતર ગ્રામોધ્ધાર મંડળ સંસ્થાઓને તે માટે તેમજ નગરને

માટે જરૂરી ઔદ્યોગિક અને વેપારી પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે.જયાં આધુનિક યુગમાં ઉપયોગી તમામ વિદ્યાઓનું શિક્ષણ આપવામાં આવે છે. પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનું તેમજ ત્યાર પછીથી પણ સંશોધન કક્ષાનું શિક્ષણ પણ આપવામાં આવે છે. વિનયન, વાણિજય, વિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, પ્રાકૃતિક વિજ્ઞાનો, સમાજશાસ્ત્રો, તબીબી શિક્ષણ, લલિતકલા તેમજ ભાષાઓ એમ બધી જ વિષય-વિદ્યાશાખાઓની કેળવણીનો અહીં પ્રબંધ કરવામાં આવતાં સાચા અર્થમાં વિદ્યાનું નગર બન્યું છે. સરદાર પટેલ યુનિવર્સિટીમાં વિવિધ ૨૪ ફેકલ્ટી છે. ૨૪ પોસ્ટ ગ્રેજયુએટ વિભાગ છે અને યુનિવર્સિટી સાથે ૪૧ કોલેજો જોડાયેલ

**અડાસ**

ઐતિહાસિક લડતની ભૂમિ તરીકે ઓળખાતું અડાસ વડોદરા-અમદાવાદ રેલ્વે લાઇન પર અડાસ રોડ સ્ટેશનની પશ્ચિમે બે ફલાંગ દૂર અડાસ ગામ આવેલું છે. આ ઐતિહાસિક લડતની ભૂમિ તરીકે સુપ્રસિધ્ધ છે. આ ઐતિહાસિક લડતની ભૂમિ તરીકે સુપ્રસિધ્ધ છે. ઇ.સ.૧૯૪૨માં **હિન્દ છોડો** આખરી સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેનાર પાંચ નિર્દોષ યુવાનોને બ્રિટીશ સરકારની પોલીસે અડાસ રોડ સ્ટેશન નજીક ગોળીબારથી ઠાર કરેલા તેમની સ્મૃતિમાં સ્મારક તરીકે તે સ્થળે ખેડા જિલ્લા રાષ્ટ્રીય મહાસભા સમિતિ તરફથી સ્મૃતિસ્તંભ બનાવવામાં આવ્યો છે ત્યાં દર વર્ષે ૧૮મી ઓગસ્ટે શહીદ સ્મૃતિ દિન તરીકે ઉજવવામાં આવે છે

બોરસદ.

પ્રાચીન ઇતિહાસની દ્રષ્ટિએ જિલ્લાનું બોરસદનું પણ મહત્વનું મથક છે. જયાં પેશ્વાના યુગમાં ગુજરાતમાં બોરસદનું સ્થાન અનોખૃં હતું. આ બોરસદ બ્રિટીશ યુગમાં સ્વતંત્ર લડતોમાં મોખરે રહ્યું હતું ૧૯૩૦ના અરસામાં નાકરનો સત્યાગ્રહમાં બોરસદ તાલુકાના સંખ્યાબંધ ગામો સાથે રાસની પ્રજા જોડાઇ, ધરપકડો કરી, મારઝૂડ થઇ પણ પ્રજા ન નમતા રાસની લડત ભારે રહી હતી. ગામમાં જમીનો ખાલસા કરાવી, ઘરવખરી, ઢોર-ઢાંખરની હરાજી થઇ પણ પ્રજાએ મચક આપી નહોતી.
રાષ્ટ્રીય ચળવળ વખતે આ ગામે અગ્રીમ ભાગ ભજવ્યો હતો. આ ગામમાં હૈડિયાવરાની લડત દરમિયાન છાવણી રાખવામાં આવી હતી. જે ગામના લોકોએ મહેસૂલ નહીં આપવાનો નિર્ધાર કરીને બીજે ગામ માંડવા બાંધીને રહ્યા હતાં.

**રાસ**

સ્વાતંત્ર્યના ઇતિહાસમાં બોરસદ તાલુકાનું રાસ ગામ આઝાદીની લડતમાં અગ્રેસર રહ્યું હતું. દાંડી કૂચના સત્યાગ્રહની તૈયારીઓની પૂર્વ ભૂમિકા રૂપે રાસ ગામમાં સરદાર વલ્લભભાઇ પટેલના પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું પણ સવાર થતાં બોરસદમાં પોલીસતંત્રની દોડધામ વધી જતાં રાસ ગામની ભાગોળે મોટા વડની નીચે સરદાર પટેલે તથા ગામના આગેવાનોએ સભા શરૂ કરી. ગણતરીની મીનીટોમાં બોરસદ ફર્સ્ટ કલાસ મેજિસ્ટ્રેટ જાતે સરદારની ધરપકડનું વોરંટ લઇને આવ્યા અને તેઓને બોરસદમાં લઇ આવ્યા જયાં અંગ્રેજ સરકારે કેસ ચલાવતાં ત્રણ માસની સજા થઇ હતી.

આ ઘટનાથી રાસનું નામ વાયુવેગે દેશમાં પ્રખ્યાત થયું એટલું જ નહીં સ્વાતંત્રયના સંગ્રામના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયું.

<u>**ખંભાત**</u>

ખંભાત પ્રાચીન બંદર તરીકે અને સ્તંભ તીર્થના નામે અનેક પ્રવાસીઓના ભ્રમણ ક્ષેત્ર અને વેપાર ક્ષેત્ર તરીકે તથા એક પુરાણા પવિત્ર તીર્થધામ તરીકે મશહૂર છે. જયાં એક કાળે મોતી, પરવાળા વગેરે રત્નો તથા ખાસ કરીને કાપડની ગાંસડીઓ ભરેલા વહાણો આ બંદરેથી દુનિયાની સફર કરી આવતાં અને એટલે જ ખંભાત દુનિયાનું વસ્ત્ર કહેવાતું હતું.

આણંદ જિલ્લાએ દેશને એક મહાનુભાવોની ભેટ આપી છે જેમાં ખાસ કરીને મહાન રાજદ્વારી મુત્સદ્દી શ્રી વિઠ્ઠલભાઇ ઝવેરભાઇ પટેલ, અખંડ ભારતના શિલ્પી શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ, સાહિત્યકાર શ્રી ઇશ્વર પેટલીકર, અમૂલ ડેરીના સ્થાપક શ્રી ત્રિભુવનદાસ પટેલ, વલ્લભવિદ્યાનગરના સર્જક શ્રી ભાઇલાલભાઇ પટેલ, જાણીતા કેળવણીકાર અને વલ્લભવિદ્યાનગરના સ્થાપકોમાંના એક શ્રી ભીખાભાઇ પટેલ, મણીબેન પટેલ, મૂક લોકસેવક રવિશંકર મહારાજ, ભૂતપૂર્વ કેન્દ્રિય ગૃહ અને નાણાંમંત્રી શ્રી એચ.એમ.પટેલ, શ્વેતક્રાંતિના પ્રણેતા ડૉ. વી.કુરિયન, એન.ડી.ડી.બી.ના ચેરપર્સન કુ. અમૃતાબેન પટેલ

આવી જ રીતે આણંદ જિલ્લાનું ધર્મજ ગામ આજે સૌથી વિકસીત અને સમૃધ્ધ ગ્રામ્ય વિસ્તારો પૈકીનું આ એક આધુનિક ગામ છે. જયાંની ગ્રામ પંચાયતે ગૌચર જમીનનો દ્રષ્ટાંતરૂપ ઉપયોગ કર્યો છે. આજે આ ગામને પેરીસના ઉપનામથી પણ ઓળખવામાં આવે છે. આ ઉપરાંત ચાંગા ગામ આજે શિક્ષણનગરી ધામ તરીકે પ્રખ્યાત બનવા પામ્યું છે. જયાં ચારૂસેટ યુનિવર્સિટી આવેલી છે જેમાં એન્જિનિયરીંગ, ફાર્મસી, એમ.બી.એ. સહિત અનેકવિધ અભ્યાસક્રમોનું આધુનિક સુવિધાઓથી સજ્જ સાધનોથી શિક્ષણ આપવામાં આવે છે.

ગામડાંના નાગરિકોને ઓછા ખર્ચે ઝડપી સુવિધાઓ પ્રાપ્ત થાય તે હેતુથી આણંદ જિલ્લાની રચના થવા પામી હતી. આમ આણંદ જિલ્લો અસ્તિત્વમાં આવ્યા બાદ આજે જિલ્લો પ્રગતિના પંથે અગ્રેસર રહ્યો છે.

આણંદ જિલ્લો આજે પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી ચૂકયો છે. અને રાજયની વિકાસ કૂચમાં અગ્રેસર ભૂમિકા અદા કરી રહ્યો છે. જિલ્લો અસ્તિત્વમાં આવતાં જિલ્લાને અનુરૂપ વિવિધ કચેરીઓના ભવનો, જિલ્લા સેવા સદનો સહિત અનેકવિધ પ્રકલ્પોથી આજે જિલ્લો ધમધમી રહ્યો છે.